નવગુજરાત સમય

નવગુજરાત સમય | અમદાવાદ | ગુરુવાર | ૨૫ જૂન, ૨૦૧૫

હાઇકોર્ટની લાલઆંખ

કોટ વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામોના મામલે હાઇકોર્ટની લાલઆંખ, વાંચો > P2

સૌરાષ્ટ્ર થયું તરબોળ

મેઘરાજાના પ્રકોપ હેઠળ તરબોળ થયેલા સૌરાષ્ટ્રની તસવીરી ઝલક > P8

અરાઉન્ડ ધ સિટી

મોસમનો સરેરાશ વરસાદ 33.૯૫ ટકા, સૌરાષ્ટ્રનો ૬૫.૯૯ ટકા નોંધાયો

અમદાવાદઃ રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને રાજકોટ જિલ્લામાં છેલ્લા ૩૨ કલાકમાં વરસાદે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા રાજ્યમાં સરેરાશ વરસાદ ૩૩.૮૫ ટકા થયો છે. સૌરાષ્ટ્ર પંથકનો મોસમનો કુલ વરસાદ ૬૫.૯૯ ટકા થયો છે. કચ્છમાં ૭.૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭.૪૫ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૯.૯૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૩૭.૮૨ ટકા વરસાદ થયો છે.

શહેરમાં ૧૫ જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ ગયાં

અમદાવાદઃ શહેરમાં પડેલાં ભારે વરસાદના નવા પશ્ચિમ ઝોનમાં જજીસ બંગલો, ગુરૂકુળ રોડ, ભાઇકાકા નગર થલતેજ, ગુરૂકુળ રોડ, એકલવ્ય સ્પોર્ટસ સંકુલ, ગુરૂદ્વારાથી એનએફડી સર્કલ રોડ જ્યારે પશ્ચિમ ઝોનમાં વિદ્યાનગર સ્કૂલ પાસે, સહજાનંદ કોલેજ પાસે, ઉત્તર ઝોનમાં ત્રિકમલાલના ચોકઠા પાસે, કુબેરનગર પાણીની ટાંકી પાસે, સરદારનગર ભીલવાસ, પૂર્વ ઝોનમાં અમરાઇવાડી ગુલાબવાડી પાસે અને દક્ષિણ ઝોનમાં મણીનગર રોડ પર ઝાડ પડવાના બનાવ બન્યા હતા.

સરકારની ચિંતન શિબિર ભારે વરસાદને કારણે મુલતવી

ગાંધીનગરઃ રાજ્યમાં ભારે વરસાદને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારનું સમગ્ર તંત્ર રાહત-બચાવની કામગીરીમાં જોતરાયેલું હોવાથી આગામી ૨૬થી ૨૮ જૂન દરમિયાન ગાંધીનગરમાં યોજાનારી વરિષ્ઠ અધિકારીઓની ચિંતન શિબિર હાલ પુરતી મુલતવી રખાઈ છે.

RNI registration no. GUJGUJ/2014/55529
વર્ષ ૨, અંક ૧૪૭ બેનેટ, કોલમેન એન્ડ કંપની લિમિટેડ વતી હિતેશ બુદ્ધભટ્ટી દ્વારા ફડિયા ચેમ્બર, ૧૩૯, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૯થી પ્રકાશિત ફોન નં. ૬૭૭૭૩૩૦૦, ફેક્સ ૬૭૭૭૩૫૦૦ અને વર્ધમાન પબ્લિશર્સ લિમિટેડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧ દ્વારા મુદ્રિત.
તંત્રીઃ અજય ઉમટ

અમદાવાદમાં મેઘરાજાએ ગણતરીના માટે જ વિધિવત્ પધરામણી કરતાં કોર્પોરેશન દ્વારા બે મહિનામાં કરાયેલી ‘આધી-અધૂરી’ કામગીરીના ધજાગરા ઉડી ગયા હતા. (પહેલી તસવીર) વેજલપુરમાં કરાયેલું આડેધડ ખોદકામ જેમનું તેમ છોડી દેવાતાં વાહન ચાલકોએ શહેર નહીં ગામડાંનો અહેસાસ કર્યો હતો. વચ્ચેની તસવીરમાં એરપોર્ટ ઘૂંટણ સમામાં ગરકાવ થયેલું દેખાય છે. જ્યારે સૌથી વિકટ સ્થિતિનો સામનો શ્રીનંદનગરના રહેવાસીઓએ કર્યો હતો, જ્યાં ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. - **પંકજ શુક્લ**

મોડી સાંજ સુધીમાં છ ઇંચ વરસાદ ખાબકી જતાં ઠેર ઠેર એકથી ચાર ફૂટ પાણી અને ભૂવા પડ્યાંઃ મ્યુનિ.એ ખોદેલા ખાડાએ હાલાકી વધારી છતાં તંત્ર ક્યાંય ન દેખાયું

અમદાવાદ પર આફતનો વરસાદઃ કરોડોના ખર્ચા પર પાણી

નવગુજરાત સમય > અમદાવાદ

આખરે શહેર ઉપર મેઘરાજા મહેરબાન થયાં, પણ એ રીતે થયાં કે બપોરે અઢી ત્રણ વાગ્યાના સુમારે શરૂ થયેલો વરસાદ હજુ થંભવાનુ નામ લેતો નથી અને તેના કારણે મોડી સાંજ સુધીમાં છ ઈંચ જેટલો વરસાદ પડી જતાં મ્યુનિ.ના કરોડો રૂપિયાના ખર્ચા ઉપર પાણી ફરી વળ્યું છે. ખોદાયેલા ખાડા અને ડાયવર્ઝનના કારણે વરસાદનો પ્રારંભ જ આફતના વરસાદ જેવો સાબિત થયો છે. જે રીતે લોકોના ઘરમાં પાણી ઘૂસ્યા છે અને રસ્તાઓ પર ભરાઇ રહેલા પાણી યથાવત રહ્યા છે તે જોતા નાગરિકો હાલાકીમાં મૂકાઇ ગયા હતા. તો ટ્રાફિકજામની સમસ્યા પણ ઠેર ઠેર સર્જાવા પામી હતી. ચોમાસાના એકશન પ્લાન પર પાણી ફરી વળ્યું છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલુ ડીપ ડિપ્રેશન રાજયના વિવિધ વિસ્તારોમાં વરસાદ વરસાવતુ આજે બુધવારે બપોરે શહેરના આકાશમાં આવી પહોંચતાં અઢી ત્રણ વાગ્યાના સુમારે વરસાદની શરૂઆત થવા પામી હતી. વરસાદી પાણી ભરાતુ રોકવા કરોડો રૂપિયાનો ખર્ચો કર્યા બાદ મ્યુનિ.ને વરસાદ ખેંચાતા તથા એકાદ બે ઝાપટાં પડવાથી રાહત હતી. પરંતુ ડીપ ડિપ્રેશનના કારણે ભારે વરસાદ પડી રહયો છે. બપોરે શરૂ થયેલો વરસાદ ધીમે ધીમે વેગ પકડવા માંડયો હતો અને રાત સુધીમાં તો છ ઈંચ જેટલો વરસાદ સમગ્ર શહેરમાં ખાબકી જતાં ચારેકોર જળબંબાકારની સ્થિતિ સર્જાવા માંડી હતી. નવા પશ્ચિમ ઝોનનાં વેજલપુરમાં જ્યાં કરોડો રૂપિયાના ખર્ચે સ્ટોર્મ વોટર લાઈન નાખી છે ત્યાં જ પાણી ભરાયા છે અને ઉલટાનુ ખોદકામના કારણે કાદવકીચડ એટલો જામ્યો છે કે, રાહદારીઓ તો જઇ શકે તેમ જ નથી અને વાહનચાલકો સ્લીપ થવાનો ભય વધી ગયો છે. મેયરના વોર્ડ જોધપુરમાં પણ ખોદકામના કારણે રસ્તા બેસી જવાની ફરિયાદો મળી રહી છે અને પાણી ભરાઇ ગયાં હોવાની બૂમ ઉઠી છે. નવા ઝોનનાં સરખેજ પોલીસ સ્ટેશન, જુહાપુરા રોડની બન્ને બાજૂની સોસાયટીઓમાં પણ પાણી ભરાયા છે. મેમનગર, ઘાટલોડિયા, ચાંદલોડિયા વગેરે વિસ્તારોમાં પણ રોડ ઉપર પાણી ભરાયાની

>> અનુસંધાન p6

પાણી ભરાયેલા રહેતા પશ્ચિમના વિસ્તારોમાં ટ્રાફિક જામ

નવગુજરાત સમય > અમદાવાદ

મોડી રાત્રે વરસાદ તો થંભી ગયો હતો, પરંતુ શહેરના કેટલાય વિસ્તારો પાણીમાં ગરકાવ રહ્યા હતા. તેના કારણે મોડી સાંજે ઓફિસેથી છૂટી ઘરે જઈ રહેલા લોકોએ ટ્રાફિક જામમાં કલાકો ફસાઈ રહેવું પડ્યું હતું. લોકો જે રસ્તેથી નીકળે ત્યાં પાણી અને ટ્રાફિક જામનો સામનો કરો પડ્યો હતો.

- પ્રહલાદનગર, આનંદનગર રોડ, માણેકબાગ
- સેટેલાઈટ પ્રેરણાતીર્થ દેરાસર રોડ
- જોધપુર ચારરસ્તાથી યુનિક પાર્ક તરફનો રોડ
- પરિમલ અંડરપાસ વાસણા બાજુના છેડે.
- વેજલપુર ભીમનાથ મહાદેવથી જયદિપ ટાવર.
- જયદીપ ટાવરથી જીવરાજ ચાર રસ્તા, મલાવ તળાવ
- કોમર્સથી વિજય ચાર રસ્તા
- હેલ્મેટ સર્કલથી માનવમંદિર, AEC ચાર રસ્તા
- નારણપુરા ગામ પાસે બસસ્ટોપથી AEC ચાર રસ્તા
- મણીનગરમાં કૃષ્ણબાગ, જવાહર ચોક, મિલ્લતનગર

વરસાદનું સરવૈયું

સૌથી વધુ વરસાદ

- વેજલપુરઃ ૮.૦૦ ઇંચ
- વટવાઃ ૭.૦૦ ઇંચ
- નરોડાઃ ૬.૦૦ ઇંચ
- પાલડીઃ૬.૦૦ ઇંચ

ક્યાં કેટલો વરસાદ?

- નવો પશ્ચિમ ઝોનઃ ૬.૦૦ ઇંચ
- પશ્ચિમ ઝોનઃ ૫.૫૦ ઇંચ
- દક્ષિણ ઝોનઃ ૬.૦૦ ઇંચ
- પૂર્વ ઝોનઃ ૫.૫૦ ઇંચ
- ઉત્તર ઝોનઃ ૫.૫૦ ઇંચ
- મધ્ય ઝોન--૫,૫૦ ઇંચ

શહેરની સ્કૂલોમાં આજે રજા જાહેર

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં બુધવાર બપોરથી શરૂ થયેલા ભારે વરસાદના પગલે શહેરની તમામ સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. વરસાદના પગલે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કલેક્ટરની સૂચના બાદ અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા સ્કૂલોમાં રજા અંગેની સત્તાવાર જાહેરાત બુધવારે રાતે કરી દેવામાં આવી હતી.

અમદાવાદ શહેરમાં બુધવાર બપોરથી વરસાદ શરૂ થયો હતો અને ધીમેધીમે વેગ પકડતા મોડી રાત સુધી તો સમગ્ર શહેર જળબંબાકાર થઈ ગયું હતું. હજુ મોડી રાત સુધી વરસાદ ચાલુ રહે તો સ્થિતિ વધુ વણસે તેમ હોઈ સ્કૂલોમાં એક દિવસ રજા જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વરસાદના પગલે સવારે સ્કૂલે જવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે તેમ હોઈ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. અમદાવાદ કલેક્ટર રાજકુમાર બેનિવાલે જણાવ્યું હતું કે, ભારે વરસાદના પગલે તકેદારીના ભાગરૂપે જિલ્લાની સ્કૂલોમાં એક દિવસ રજા જાહેર કરવામાં આવી છે. ત્યાર બાદ વરસાદની સ્થિતિ જોઈને નિર્ણય લેવામાં આવશે. અમદાવાદ શહેર ડીઈઓ એ.કે. રાઠોડે જણાવ્યું હતું કે, ભારે વરસદાના પગલે અમદાવાદની શૈક્ષણિક સંસ્થાઓમાં એક દિવસની રજા જાહેર કરવામાં આવી છે. શહેરમાં વરસાદી પાણીના ભરાવા બાદ વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે એક દિવસ રજા રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.